**DATE: 25/03/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

# અંકલેશ્વરમાં ગેસ રિફિલિંગનું કૌભાંડ ઝડપાયું

**ભાસ્કર ન્યૂઝ | ભરૂચ**

સારંગપુર વિસ્તારમાં આવેલાં પદમાવતી નગર ખાતે આવેલી જય ભૈરવ કિરાણા સ્ટોરની આડમાં ગેસ રિફિલિંગનું કૌભાંડ ચાલે છે. જેના પગલે ટીમે સ્થળ પર દરોડો પાડ્યો હતો. કિરાણા સ્ટોરની દુકાન ચલાવનાર કરણ ભૈરૂલાલ ચંદેલાને ગેસ રીફીલિંગ કરતાં ઝડપી લીધો હતો.

**DATE: 25/03/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**



ધુળેટીના ઉજવણીના ઉન્માદમાં મહિલાઓ અને યુવતીઓ સાથે છેડછાડ થતી હોવાના કારણે એક્શન પ્લાન ઘડાયો

નશેબાજો પર બાજ નજર

# ભરૂચમાં છેડતીના બનાવો રોકવા 25થી વધુ બાઈકર્સ પોલીસની ટીમ સતત પેટ્રોલિંગ કરશે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ શહેર તથા જિલ્લામાં હોળી ધુળેટીના તહેવારો દરમિયાન મહિલાઓ અને યુવતીઓની છેડતીના બનાવો ન બને તે માટે પોલીસતંત્રએ એક્શન પ્લાન ઘડી કાઢ્યો છે. પોલીસ જવાનોની 25થી વધારે બાઈકર્સ ટીમ વિવિધ વિસ્તારોમાં રાઉન્ડ ધ ક્લોક પેટ્રોલિંગ કરી પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખશે. ધુળેટીના તહેવારોમાં લોકો એકબીજા પર ગુલાલ તથા પાણી છાંટીને આનંદ ઉઠાવતાં હોય છે. તહેવારના ઉન્માદમાં મહિલાઓ અને યુવતીઓની છેડતીના બનાવો બનતાં હોય છે.

ભરૂચ શહેરના એ ડિવિઝન, બી ડિવિઝન તથા સી ડિવિઝન પોલીસ સ્ટેશનની હદમાં 25 બાઈકર્સ પોલીસ જવાનોની ટીમ રાઉન્ડ ધ ક્લોક પેટ્રોલિંગ કરશે. એક વિસ્તારમાંથી બીજા વિસ્તારમાં ધુળેટી રમવા જતાં લોકો મહિલાઓ અને યુવતીઓ પર ગુલાલ ઉડાડી કે પાણી છાંટી તેમની છેડતી ન કરે તથા

વાહનોને નુકશાન ન પહોંચાડે તેની પર પોલીસ જવાનો ચાંપતી નજર રાખશે.

મહિલાઓની સુરક્ષા માટે 50થી વધારે ચુનંદા પોલીસ જવાનોની ટીમો તૈયાર કરી દેવામાં આવી છે. તહેવારના ઉન્માદમાં અસામાજીક તત્વો શહેર તથા જિલ્લાની શાંતિને પલિતો ન ચાંપે તે માટે ખાસ કરીને સંવેદનશીલ સ્થળોએ લોખંડી પોલીસ બંદોબસ્ત ખડકી દેવામાં આવશે. આ કાર્યવાહીથી લોકોને સલામતી વધશે. લોકસભાની ચૂંટણીની આચારસંહિતા પણ અમલી હોવાથી પોલીસ સતર્ક છે. ઠેર ઠેર નાકાબંધી કરી વાહન ચેકીંગ પણ કરવામાં આવી રહ્યું છે. તહેવારો દરમિયાન કોઈ અઘટિત બનાવ ન બને તેનું પણ ધ્યાન પોલીસ રાખી રહી છે.

### બાઈકર્સ ટીમ વિવિધ વિસ્તારોમાં ફરશે

આજે ધૂળેટીએ દિવસ દરમિયાન પોલીસની ટીમો રાઉન્ડ ધ ક્લોક પેટ્રોલિંગ કરશે. કોઈ પણ છેડતીના બનાવમાં મહિલાઓ કે યુવતીઓ પોલીસનો સંપર્ક કરશે તો ત્વરિત મદદ કરાશે. છેડતીના બનાવમાં કોઈને પણ છોડાશે નહિ અને પોલીસ તેમની સામે કડક હાથે કાર્યવાહી કરશે. » મનિષ વાળા, પીઆઈ, એલસીબી, ભરૂચ

### છેડતીનો બનાવ બને તો શું કરશો

કોઈ પણ યુવાન કે અસામાજીક તત્વો છેડતી કરે અથવા પરેશાન કરે તો મહિલાઓ અને યુવતીઓ કંટ્રોલરૂમના ફોન નંબર 100 નો તેમજ નજીકના પોલીસ સ્ટેશનનો સંપર્ક કરી શકે છે. કોઈ પણ ફરિયાદ મળતાંની સાથે પોલીસ ઘટનાસ્થળે પહોંચી છેડતી કરનારાસામે કડક કાર્યવાહી કરશે.

**DATE: 25/03/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-05**

# વાલિયા ચોકડી પાસેથી દારૂ સાથે બેની ધરપકડ

અંકલેશ્વર ભરૂચ LCB પોલીસનો સ્ટાફ અંકલેશ્વરની વાલિયા ચોકડી નજીક પેટ્રોલિંગમાં હતો. તે દરમિયાન બાતમી મળી હતી કે, બે શખસ ખાનગી ટ્રાવેલ્સની બસમાં પેસેન્જર તરીકે બેસી પોતાની પાસેની બેગમાં વિદેશી દારૂ લઈને અંકલેશ્વર ઉતરીને સુરત તરફ જનાર છે. જે બાતમીના આધારે પોલીસે વાલીયા ચોકડી ખાતે વોચ ગોઠવી હતી. આ દરમિયાન બાતમીવાળા બન્ને શખસ ખાનગી ટ્રાવેલ્સની બસમાંથી ઊતરી વાલીયા બસ ડેપો તરફ જતા હતા. તે વેળા પોલીસે તેઓને રોકી તેઓનું નામઠામ પૂછતા સુરત શહેરના SMC ક્વાટર્સ ખાતે રહેતા શુભમ પ્રેમનાથ દૂબે અને ધનંજય યાદવ હોવાનું જણાવ્યું હતું. પોલીસે બન્ને શખસ પાસે રહેલી બેગ તપાસતા તેમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂના ૬૪ બિયરના ટીન મળી આવ્યા હતા. જેની કિંમત રૂ. ૬,૪૦૦ તથા ૨ મોબાઈલ અને બેગ મળી કુલ ૭,૮૦૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. બન્ને શખસ દારૂનું છૂટક વેચાણ કરતા હોવાનું જણાવ્યું હતું. આ સાથે અંકલેશ્વર બી ડિવિઝન પોલીસ દ્વારા આ મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

**DATE: 25/03/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### ઝઘડિયાના એક ગામમાં બનેલો બનાવ

# પિતા સાસરીમાંથી 3 વર્ષની દીકરીને લઈને ભાગી ગયો

ભાસ્કરન્યૂઝ | ભરૂચ

ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકાના નજીકના ગામમાંથી ગતરોજ મહિલાના પતિ તેમના પિયરમાંથી તેમની ત્રણ વર્ષની દીકરીને ચોરીછૂપીથી પોતાની સાથે લઈ ગયા હતાં. અને મહિલા દીકરી લેવા ગઈ ત્યારે ઝઘડો કરતા અભયમની મદદ માગી હતી.ટીમ તાત્કાલિક પહોંચી મહિલા સાથે વાત કરતા તેમાણે જાણાવ્યું કે તેમના પતિના પરસ્ત્રી સાથે આડા સંબંધ હતાં. જેથી બંને પતિ પત્ની વચ્ચે ઝઘડા થતા અને પતિ મહિલા પર હાથ પણ ઉપાડતો હતો. જેથી તે વાત લઈને મહિલા પિયરમાં જતી રહી હતી. જેથી ગતરોજ પતિ નશાની હાલતમાં એમની સાસરીમાં જઈને દીકરી બાબતે ઝગડો કર્યો હતો. અને કોઈનું ધ્યાન ન હતું તેવાંમાં 3 વર્ષની દીકરીને લઈને તેમના ઘરે જતાં રહ્યા હતા. અભયમની ટીમે દંપતિ વચ્ચે સમાધાન કરાવ્યું હતું.

**DATE: 25/03/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

## અંકલેશ્વરમાં શાંતિ સમિતિની બેઠક મળી

# ધાર્મિક લાગણી દુભાય તેવી પોસ્ટ નહિ કરવા માટે અપીલ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર શહેર એ ડીવીજન પોલીસ સ્ટેશન ખાતે આગામી તહેવાર ની ઉજવણીના ભાગરૂપે શાંતિ સમિતિ ની બેઠક યોજાય હતી. પીઆઇ એચ.બી.ગોહિલની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં આગામી તહેવારો દરમિયાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. કોઈ પણ સમાજની ધાર્મિક લાગણી ન દુભાઈ તેવી પોસ્ટ નહિ મુકવા, ધાર્મિક સ્થળોની આસપાસ નારેબાજી નહિ કરવા સહિતના પગલાંઓ બેઠકમાં સુચવવામાં આવ્યાં હતાં.શાંતિ સમિતીના સભ્યો તથા ગ્રામ્ય વિસ્તારના સરપંચો સહિત બંને કોમના આગેવાનો હાજર રહયાં હતાં. આગેવાનોએ કરેલાં સૂચનો પર કાર્યવાહી કરવાની ખાતરી પણ પોલીસ અધિકારીઓએ આપી હતી. બેઠકમાં જે તે વિસ્તારના અન્ય પ્રશ્નોની પણ રજૂઆત કરવામાં આવી હતી.

**DATE: 27/03/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### રાજપીપળા રોડ પર પોલીસે દરોડો પાડ્યો

# અંકલેશ્વરના એક ગોડાઉનમાંથી 96 કિલો ભંગાર સાથે એક ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર



અંકલેશ્વરમાં ભંગાર ચોરીના વધી રહેલાં બનાવો વચ્ચે જીઆઈડીસી પોલીસે એક ગોડાઉનમાંથી ભંગારનો જથ્થો ઝડપી પાડયો છે. જીઆઈડીસી પોલીસ ની ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન ચોક્કસ માહિતી મળી હતી કે રાજપીપલા રોડ પર આવેલ રચના નગર ખાતે ભંગાર ની દુકાન માં શંકાસ્પદ નો ભંગાર નો જથ્થો સંગ્રહ કર્યો છે. પોલીસે દરોડો પાડી ગોડાઉન માંથી. 96 કિલોગ્રામ વજનની એસ.એસ. પ્લેટો અને પાઈપના ટુકડા મળી આવ્યા હતાં. આધાર પુરાવા તેમજ બિલ દુકાન સંચાલક સિરાજ અંસારી પાસે માંગતાં તે ગલ્લા-તલ્લા કરવા લાગ્યા હતા. જે જે જથ્થો ચોરી કે છળકપટથી મળ્યો હોવાની શંકાએ પોલીસે ભંગારના વેપારી સિરાજ અંસારી ની અટક કરી 9,650 રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરી વધુ તપાસ આરંભી હતી.

**DATE: 27/03/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### કાવી ગામે ઝંડા કંપાઉન્ડ વિસ્તારની ઘટના

# પરવાનગી વિના રાત્રે ડીજે વગાડતાં 2.95 લાખનો ડીજેનો સામાન જપ્ત

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

જંબુસર તાલુકામાં આવેલાં કાવી ગામમાં હોળીના દિવસે પોલીસ બંદોબસ્ત વચ્ચે શાંતિપૂર્ણ રીતે હોળીકા દહનનો કાર્યક્રમ પૂર્ણ થયો હતો. ઉજવણી પૂર્ણ થતાં પોલીસ સ્ટાફ પણ પોસ્ટેમાં હાજર થયો હતો.

દરમિયાનમાં રાત્રીના સાડાદશ વાગ્યાના અરસામાં ઝંડા કંપાઉન્ડમાં અચાનક ડી. જે. લાઉડ સ્પિકર મોટા મોટા અવાજે વગાડતાં હોવાનો અવાજ આવતાં પોલીસ સ્ટાફ સ્થળ પર પહોંચ્યો હતો. ટીમે સ્થળ પર પહોંચી ત્યાં હાજર આગેવાનોની પૂછપરછ કરી હતી કે, તેમની પાસે ડીજે વગાડવા અંગેની પરવાનગી છે કે નહીં તો તેઓએ કોઈ સંતોષકારક જવાબ નહીં આપતાં ડીજે માલિકને પુછતાં તેનું નામ રાયસંગ ગોવિંદ રાઠોડ હોવાનું જણાવ્યું હતું. તેણે જણાવ્યું હતું કે, તેને કાવી ગામના જગદિશ રાવજી સિંધાએ ડીજે વગાડવા માટે બોલાવ્યાં છે. જેથી પોલીસે તેની પાસે પાસેથી કુલ 2.95 લાખની મત્તાનો ડેજેનો આખો સેટ જપ્ત કર્યો હતો.

**DATE: 27/03/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-09**

### રૂા. ૬૨ હજારનો મુદ્દામાલ જપ્ત કરાયો

# અંકલેશ્વરમાં દારૂના જથ્થા સાથે ૩ ઈસમોની અટકાયત


। અંકલેશ્વર ।

અંકલેશ્વર શહેર બીક્ર ડિવિઝન પોલીસ મથકનો સ્ટાફ પ્રતિન ચોકડી વિસ્તારમાં ધુળેટીના તહેવાર નિમિત્તે પેટ્રોલિંગમાં હતો. તે દરમિયાન પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે, ઓટો રીક્ષા નંબર GJ-૧૬-AT-૩૦૫૫માં કેટલાક ઈસમો દારૂની હેરાફેરી કરવા સારું પ્રતિન ચોકડી વિસ્તારમાંથી પસાર થવાના છે.

જેથી પોલીસે વોચ ગોઠવી બાતમીવાળી રીક્ષા આવતા તેને થોભાવી હતી. આ ઓટો રીક્ષામાં ૩ ઈસમો સવાર હતા. પોલીસે ઓટો રિક્ષામાં તપાસ કરતા પાછળની સાઈડમાં મુકેલ ૨ કાળા થેલામાંથી વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલિસે રીક્ષામાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની ૭૫૦ મિલીની ૩૨ નંગ કાચની બોટલ જેની કિંમત ૧૬ હજાર, અંગ ઝડતીમાંથી ૨ મોબાઈલ ફોન તથા રૂ. ૪૦ હજારની ઓટો રીક્ષા મળી કુલ રૂ. ૬૨ હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસે ભારતીય બનાવટ નો વિદેશી દારૂનો જથ્થો રાખવા બદલ તેમજ પાસ-પરમીટ માંગતા નહીં હોવાનું જણાવતા શૈલેષ ઉર્ફે જયલો વસાવા, અબ્દુલ જબ્બાર અબ્દુલ ગની શાહ અને આકાશ પટેલ નામના ૩ ઈસમોની અટકાયત કરી છે.

**DATE: 28/03/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-07**

# જંબુસરમાં સગીરાને ભગાડી જનારો આરોપી ઝડપાયો



ભરૂચ: કાવી પોલીસમથકના છેલ્લાં 3 વર્ષથી પોક્સોના ગુનામાં વોન્ટેડ આરોપીને પોલીસે કનગામ ગામની નવી નગરીમાંથી સગીરા સાથે ઝડપી કાર્યવાહી હાથ ધરી છે. કાવી પોલીસ પેટ્રોલિંગમાં હતી. ત્યારે માહિતી મળી હતી કે, કાવી પોલીસ સ્ટેશનના પોક્સોના ગુનાનો છેલ્લાં 3 વર્ષથી નાસતો ફરતો કનગામની નવી નગરીમાં રહેતો આરોપી મહેન્દ્ર ઉર્ફે ઢેખો અશોક રાઠોડ (ઉ.વ.૨૩) ભોગ બનનારી સગીરા સાથે કનગામની ગામ નવી નગરીમાં હાજર છે. આ બાતમીના આધારે પોલીસે બાતમીવાળા સ્થળ પરથી આરોપીને સગીરા સાથે ઝડપી પાડી તેના વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 28/03/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-07**

# આમોદમાં ત્રાસ આપતાં પતિને સમજાવવા પત્નીએ અભયમ ટીમની મદદ લીધી

ભરૂચ:'મારો પતિ વ્યસન કરીને મને હેરાન કરે છે અને તારા પિતાના ઘરેથી પાંચ લાખ રૂપિયા લઇ આવ નહીં તો તને મારી નાંખીશ'એવી ધમકી આપે છે એવો મહિલાનો કોલ મળતાં ભરૂચ અભયમની 181ની ટીમ આમોદ તાલુકાના એક ગામમાં પહોંચી હતી. મનીષાબેન (નામ બદલેલ છે)એ જણાવ્યું હતું કે, મારાં લગ્નજીવનને ૨૩ વર્ષ થયાં છે. મારો પતિ રોજ નોકરીએ જતો નથી. એટલે પૂરતો પગાર મળતો નથી. મેં નોકરી કરવાનું કહેતાં અકળાઈને કહે છે કે,“તારા બાપ પાસેથી દહેજના પાંચ લાખ રૂપિયા લઇ આવ.'વધુમાં વ્યસન કરીને ઝઘડો કરીને હેરાન કરે છે. આ ઘટનામાં અભયમ ટીમે મનીષાબેનના પતિને બોલાવીને જણાવ્યું હતું કે, દહેજની માંગણી કરવી અને વ્યસન કરવું એ કાયદાકીય ગુનો છે. દહેજની માંગ અને વ્યસન ન કરવા સલાહ આપી પતિને સમજાવ્યો હતો. મનીષાબેને અભયમ ટીમ સમક્ષ વેદના ઠાલવી હતી કે, મારો પતિ દીકરીને ભણવા માટે ફી પણ આપતો નથી. અને દીકરીને અપશબ્દો બોલી અપમાન કરે છે. આ બાબતે ૧૮૧ ટીમે પતિને કહ્યું કે, દીકરીને અપશબ્દો ન બોલવા, હાથ ન ઉપાડવો અને પત્નીને ઘરની બહાર ન કાઢી મૂકવાની સલાહ આપી નોકરી કરવાની સલાહ આપી હતી. અભયમ ટીમે સમજાવતાં પતિને પોતાની ભૂલ માટે પસ્તાવો થયો હતો. અંતે પતિએ કહ્યું હતું કે, બીજીવાર દહેજ નહીં માંગું અને વ્યસન ધીરે ધીરે બંધ કરી દઈશ. હવે પછી કામધંધો પણ કરીશ. આમ અભયમ ટીમે પરિવાર વચ્ચે સમાધાન કરાવી ઉમદા કામગીરી કરી હતી.

**DATE: 28/03/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-04**

# અંકલેશ્વરમાં દેશી તમંચો તથા જીવતા કારતૂસ સાથે પરપ્રાંતીય શખ્સ ઝડપાયો

અંકલેશ્વર તા.૨૭

અંકલેશ્વર જીઆઈડીસી પોલીસે સારંગપુરની મારુતિધામ સોસાયટીમાંથી દેશી તમંચો તથા એક જીવતા કારતુસ સાથે પરપ્રાંતીય ઈસમની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## રૂ.૧૫ હજારનો મુદ્દામાલ જપ્ત કરી ગુનો દાખલ કર્યો



અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો તે દરમિયાન ચોક્કસ બાતમી મળી હતી કે, સારંગપુરની મારુતિધામ-૨ સોસાયટીમાં રહેતા ગૌરવકુમાર સુરેશ મંડલ નામના ઈસમે પોતાના ઘરમાં જીવતા કારતુસ સાથે દેશી હાથ બનાવટનો તમંચો પોતાના અંગત અદાવતના કારણે સંતાડીને રાખ્યો છે.

જે બાતમીના આધારે પોલીસે સ્થળ પર જઈ તપાસ કરતા રૂમમાં અભરાઈ ઉપર પરચુરણ સામાનની પાછળ સંતાડેલો દેશી હાથ બનાવટનો તમંચો, જે જોતા લોડેડ હાલતમાં હતો. તેનં બેરલ ખોલતા ચેમ્બરમાં એક જીવતો કારતુસ હતા. જેને સહી સલામત બહાર કાઢી દેશી હાથ બનાવટનો એક તમંચો જે.રૂ.૧૦ હજાર અને રૂ.૧૦૦ નો એક જીવતો કારતુસ મળી આવ્યો હતો. આ સાથે જ ગૌરવ મંડલની અંગઝડતીમાંથી મોબાઈલ અને આધાર કાર્ડ મળી કુલ રૂ.૧૫,૧૦૦નો મુદ્દામાલ જપ્ત કરી પોલીસે મૂળ બિહારના ભાગલપુરના કમરગંજના રહેવાસી પરપ્રાંતીય ઈસમ ગૌરવકુમાર મંડલની ધી આર્મ્સ એક્ટની કલમ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# અંકલેશ્વર ગેરકાયદે રીતે ગેસ રીફીલિંગ કરતા એકને ઝડપી પાડ્યો

અંકલેશ્વર : ભરૂચ જિલ્લા પોલીસ વડા મયુર ચાવડા અને ડી.વાય.એસ.પી.ડો કુશલ ઓઝા દ્વારા જિલ્લામાં ગેસની બોટલમાંથી ગેરકાયદેસર રીતે ગેસ રીફ્લીંગ કરતા ઈસમો વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા આપેલ સુચનાને આધારે GIDC પોલીસ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે, સારંગપુરના પદમાવતી નગર પ્લોટ નંબર ૧૧માં આવેલ જય ભૈરવ કિરાણા સ્ટોર નામની દુકાનમાં ગેરકાયદેસર રીતે એક ઈસમ ગેસ રીફ્લીગ કરી રહ્યો છે. આ બાતમીના આધારે પોલીસે દરોડા પાડ્યા હતા. પોલીસે સ્થળ પરથી કુલ ૧૧ હજારથી વધુના મુદ્દામાલ સાથે કરણ ભૈરૂલાલ ચંદેલાને ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી છે.

**જાહેર નોટીસ**

**DATE: 28/03/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### અયોધ્યાનગર ઝૂંપડપટ્ટી ખાતે પોલીસનો દરોડો

# ભરૂચ શહેરમાં જાહેરમાં જુગાર રમતા 5 ઝડપાયા, બે જણા ફરાર

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ શહેરની અયોધ્યાનગર ઝૂપડપટ્ટી ખાતે કેટલાંક શખ્સોએ જાહેરમાં જુગારની મહેફીલ જમાવી હોવાની ચોક્કસ બાતમી ભરૂચ એ ડિવિઝન પોલીસને મળતાં ટીમે સ્થળ પર દરોડો પાડ્યો હતો. જ્યાં ખુલ્લી જગ્યામાં કેટલાંક શખ્સોએ કુંડાળું વળીને જુગાર રમતાં હોઈ પોલીસની રેડ પડતાં દોડધામ મચી ગઈ હતી.

જોકે, પોલીસે જુગાર રમતાં પ્રકાશ બાબુ હરીજન, દશરથ બાબુ વસાવા, રાકેશ હિરા વસાવા, વિશાલ ભરત સોલંકી, મયુર ભોગીલાલ વસાવાને ટીમે ઝડપી પાડ્યાં હતાં. ટીમેતેમની પાસેથી દાવપર લાગેલાં તેમજ અંગઝડતીના મળી 11 હજાર રોકડા તેમજ 35 હજારના 7 મોબાઈલ અને 45 હજારની મત્તાની બાઈક તથા મોપેડ મળી કુલ 91 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જોકે, પોલીસના દરોડા વેળાં મદન મોહન મારવાડી તેમજ એક રેડમી મોબાઈલના ધારક સહિત બે જણા ફરાર થઈ ગયાં હતાં.

**DATE: 28/03/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### અંકલેશ્વરમાં 8.15 લાખના મુદ્દામાલ સાથે ડ્રાઇવર ઝડપાયો

# દહેજથી કોપર સ્લેગ ભરી પાનોલી ખાલી કરવા જતું ડમ્પર ઝડપાયું

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર પોલીસે દહેજ કંપની માંથી કોપર સ્લેગ ભરી પાનોલી ખાલી કરવા જતાં ડમ્પર પકડી પાડ્યું હતું. નેશનલ હાઈવે પર પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન માંડવા ટોલ પ્લાઝા પાસે એક ડમ્પર શંકાસ્પદ લાગતાં બી ડિવિઝન પોલીસે તેને અટકાવ્યું હતું. ડ્રાઈવર રીગલ અમૃત વસાવા ને ડમ્પરમાં શું ભર્યું છે અને ક્યાંથી લાવ્યો તેની




પૂછપરછ કરવામાં આવતાં તે ગલ્લા તલ્લા કરવા લાગ્યો હતો. ડમ્પરના માલિકે ડ્રાઈવરે દહેજની કંપનીમાંથી કોપરનો સ્લેગ ભરીને પાનોલી સાઈડ પર નાખવા મોકલ્યો હતો. ડ્રાઈવર માત્ર વજનની પાવતી રજૂ કરી હતી અન્ય કોઈ પુરાવા રજૂ કરી શક્યો ન હોવાથી ડમ્પરને કબજે લેવાયું હતું. પોલીસે કોપર સ્લેગનો જથ્થો ચોરી કે છળકપટથી મેળવ્યો હોવાની શંકા આધારે પોલીસે કુલ 30 ટન કોપર સ્લેગ તથા ડમ્પર મળી કુલ 8.15 લાખનો મુદ્દામાલ જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી છે.

**DATE: 28/03/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### ખારવાવાડમાં જાહેરમાં જુગાર રમી રહ્યા હતા

# હાંસોટમાં 16 હજારના મુદ્દામાલ સાથે પાંચ જુગારીયા સકંજામાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

હાંસોટ જૂની ખારવાવાડમાં સ્ટ્રીટ લાઈટ નીચે જુગાર રમતા 5 જુગારીઓને ઝડપી પાડ્યા હતા.પોલીસે અંગઝડપી અને દાવ પર લાગેલા રોકડ રૂપિયા મળી 16510 રૂપિયા નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. તમામ જુગારીઓ ને જેલભેગા કરી વધુ તપાસ શરુ કરી હતી.

હાંસોટ પોલીસ ની ટીમ ત્રણ રસ્તા સર્કલ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન ચોક્કસ માહિતી મળી હતી જે જુના ખારવાવાડમાં જાહેર માં સ્ટ્રીટ લાઈટનાઅજવાળેકેટલાક ઈસમો જુગાર રમી રહ્યા છે. જે માહિતી આધારે પોલીસે દરોડા પાડતા જાહેર માં જુગાર રમતા 5 ખેલીઓને ઝડપી પાડ્યા હતા. પોલીસે તેમની અંગઝડપી માંથી 4530 રૂપિયા તેમજ દાવ પર લાગેલા 11,980 રૂપિયા મળી કુલ 16,510 રૂપિયા નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. તેમજ તમામ જુગારિયાઓ ની સામે જુગાર ધારા હેઠળ અટક કરી તેમની સામે ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી હતી.

**DATE: 29/03/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-01**

### ભરૂચમાં સ્પાની આડમાં

# ફૂટણખાનું ચલાવતા સ્પાના માલિક અને મેનેજરની અટકાયત

ભરૂચ તા.૨૮
સ્પાની આડમાં દેહ વ્યાપારની પ્રવૃતિ ચલાવતા બે ઈસમોને ભરૂચ એસ.ઓ.જી. પોલીસે ઝડપી પાડી કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી છે.

## એસ ઓ જી એ દેહવ્યાપારની પ્રવૃત્તિને રોકવા ડમી ગ્રાહક મોકલી દરોડો પાડતા ચાર વિદેશી યુવતીઓ પણ મળી આવી

ભરૂચ પોલીસ અધિક્ષક ની સુચના અને માર્ગદર્શન આધારે ભરૂચ જિલ્લામાં આવેલ સ્પા, કોમર્શિયલ બિલ્ડિંગ,હોટેલમાં ચાલતી ગેરકાયદે દેહ વ્યાપારની પ્રવૃતિ રોકવા એસ.ઓ.જી.પી.આઈ. તથા પી.એસ.આઈ. ના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ.ની સાથે એસ.ઓ.જી. સ્ટાફની ટીમો બનાવી જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

જે દરમ્યાન ભરૂચ શહેર વિસ્તારમાં ધકોરલ સ્પાધના માલીક મૂળ સુરતના કરણ રાજપુત તથા તેમજ મૂળ ઉત્તર પ્રદેશનો વારીસ પઠાણ સાથે મળી કોરલ સ્પા.પદ્મશ્રી કોમ્પ્લેક્ષમાં બીજા માળે,શ્રવણ ચોકડી નજીક તપાસ કરતા ચાર વિદેશી યુવતીઓ થાઈલેન્ડની સેક્સવર્કર તરીકે કામ કરતી વિદેશી છોકરીઓને બોલાવી સ્પા ની આડમાં ફુટણખાનુ ચલાવતા હોવાની બાતમી મળેલી હતી.જેના આધારે ડમી ગ્રાહક મોકલી ત્યાં રેડ કરતા ચાર વિદેશી યુવતીઓ પણ મળી આવી હતી.પોલીસે બંને આરોપીઓની મોબાઈલ સહિત રૂ.૩૬ હજાર ના મુદ્દામાલ સહિત અટકાયત કરી તેઓ વિરૂદ્ધ ભરૂચ શહેર એ ડીવીઝન પોલીસ મથકે ઈમોરલ ટ્રાફિકીંગ એક્ટ મુજબ ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે.

**DATE: 29/03/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### અંકલેશ્વરમાં ચેકિંગમાં અલગ અલગ ચેસિસ નંબર મળતાં કૌભાંડ બહાર આવ્યું

# એક જ નંબર પર 3 મિનિ બસ ચલાવી ટેક્સ ચોરી કરતાં ટ્રાન્સપોર્ટરનો ભાંડો અંતે ફૂટી ગયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

લોકસભાની ચૂંટણીને અનુલક્ષીને વાહન ચેકિંગ સઘન બનાવી દેવામાં આવ્યું છે. બી ડિવિઝન પોલીસની ટીમ મહાવીર ટર્નિંગ પાસે ચેકિંગ કરતી હતી તે સમયે જીજે-21 ટી-9831 નામની ફોર્સ ટ્રાવેલર્સને રોકી તપાસ કરવામાં આવી હતી. ગાડીનો રજીસ્ટ્રેશન નંબર પોલીસની ગુજકોપ એપમાં નાખવામાં આવતાં આ નંબર બીજી 2 ફોર્સ ગાડી નોંધાયેલી હોવાનું બતાવતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી.ગાડીના માલિક અને હાંસોટના સુણેવખુર્દના રહેવાસી વિજય ધનસુખ પટેલની પૂછપરછ કરવામાં આવતાં તેણે જણાવ્યું હતું કે, તેની પાસે જે ગાડી હાલમાં છે તેનો નંબર જીજે-16 એયુ- 5983 છે પણ પુરતા કાગળ નહિ હોવાથી જીજે-21 ની ખોટી નંબર પ્લેટ લગાવી છે. તેની પાસે અન્ય બે ફોર્સ ટ્રાવેલર્સ છે તેને પણ જીજે-21 વાળી નંબર પ્લેટ લગાવીને અવારનવાર ફરતો હતો. ગાડીની વેલિડિટી પૂર્ણ થઇ જવાની સાથે તેનો ખર્ચ વધુ હોવાથી તેણે આ તરકટ રચ્યું હતું. હાલ તો પોલીસે 4.50 લાખની કિંમતની બે ફોર્સ ગાડી કબજે કરી છે. આ મોડસ ઓપરેન્ડીથી તે ટેક્સ ચોરી કરતો હતો.



**DATE: 30/03/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-10**

### ટ્રાવેલ્સ બસમાં મહિલાઓ વાલિયા ચોકડી ઊતરી હતી

# અંકલેશ્વરની વાલિયા ચોકડીથી દારૂ સાથે સુરતની ત્રણ મહિલા ઝડપાઈ

। અંકલેશ્વર ।

ભરૂચ જિલ્લામાં નશાનો વેપલો ધમધમાવતા તત્વો સામે પોલીસ વિભાગ સતત કાર્યવાહી હાથ ધરી રહ્યું છે, જિલ્લામાં અનેક સ્થળે પોલીસ દરોડામાં દારૂ ઝડપાઈ રહ્યો છે તેવામાં અંકલેશ્વર બી ડિવિઝન પોલીસને વધુ એક સફળતા હાંસલ થઈ હતી. અંકલેશ્વર બી ડિવિઝન પોલીસ મથકના કર્મીઓ પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન મળેલી બાતમીના આધારે વાપી તરફથી ટ્રાવેલ્સ બસમાં સવાર થઈ અંકલેશ્વર વાલિયા ચોકડી ઉપર ઉતરેલી ત્રણ જેટલી મહિલાઓના બેગની પોલીસે તલાશી લીધી હતી. તલાશી દરમિયાન બેગમાં કપડાંની અંદરના ભાગે સંતાડવામાં આવેલા ભારતીય બનાવટ ના વિદેશી દારૂની નાની બોટલો બિયર ના ટીન મળી આવ્યા હતા, પોલીસે કુલ ૩૮ હજાર ઉપરાંત નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો, પોલીસે આ મામલે કમલાબેન પપ્પુભાઈ રાજવટ રહે,સંગીતા બેન મનોજભાઈ રાજવટ તેમજ ગંગા બેન વિનોદભાઈ રાજવટ તમામ રહે- ઉધના સુરતનાઓની ધરપકડ કરી મામલે તમામ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

**DATE: 30/03/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-04**

# ભરૂચ શહેર અને ઝાડેશ્વરમાં સ્પાની આડમાં દેહવ્યાપાર ચલાવતાં સાતની ધરપકડ

**ઝાડેશ્વરના** અક્ષરકુંજ પ્લાઝામાં લેમન સ્પામાં એક છોકરી કઢંગી હાલતમાં મળી આવી






ભરૂચઃ ભરૂચ જિલ્લામાં સ્પાની આડમાં બેધડક ચલાવાતા કુટણખાનામાં સાત ઝડપાયા હતા. ભરૂચ શાઈન સ્પાની આડમાં ગેરકાયદે દેહવ્યાપારની પ્રવૃત્તિ ચલાવતા પાંચ ઈસમને પોલીસે ઝડપી પાડ્યા હતા. તો દઢાલ ગામે એક સોસાયટીમાં રહેતી મહિલા પોતાના આર્થિક ફાયદા માટે શાઈન સ્પા સહિત અલગ અલગ છોકરીઓને બોલાવીને ૫૦ ટકા પોતે તેમજ ૫૦ ટકા સંકળાયેલા સ્પાની આડમાં કુટણખાનું ચલાવતી હતી. ભરૂચ એન્ટી હ્યુમન ટ્રાફિક યુનિટ પોલીસે સ્પા પર રેડ કરતાં મહિલા સહિત પાંચ ઈસમ ઝડપાઈ ગયા હતા. જ્યારે બીજા કિસ્સામાં ઝાડેશ્વરના અક્ષરકુંજ પ્લાઝામાં લેમન સ્પામાં એક છોકરી કઢંગી હાલતમાં મળી આવતાં સ્પાના માલિક તેમજ એક ગ્રાહક સામે ગુનો નોંધી ધરપકડ કરી હતી.

ભરૂચ એન્ટી હ્યુમન ટ્રાફિક યુનિટની ટીમને બાતમી મળી હતી કે, ભરૂચ શહેરમાં લિંક રોડના સિલ્વર સ્ક્વેર શોપિંગમાં શાઈન સ્પાની આડમાં બહારથી છોકરી મંગાવીને કુટણખાનું ચાલે છે. જેને લઈને ગુરુવારે સાંજે ટીમે રેડ પાડતાં શાઈન સ્પામાં દેહવ્યાપાર ચાલતો હોવાનું દેખાતાં થાઈલેન્ડની બે યુવતી મળી આવી હતી. આ રેકેટમાં ૩૦ વર્ષની મહિલા કવિતા અરુણકુમાર ડે (રહે., ૧૦, સ્ટાર લેક વિલા સોસાયટી, દઢાલ, જીતાલી રોડ, ભરૂચ) આ સ્પા સહિત અન્ય જગ્યાએ છોકરીઓને બોલાવી ૫૦ ટકા પોતે કમાઈને ૫૦ ટકા સ્પાની આડમાં દેહવ્યાપાર કરતી છોકરીને આપતી હતી. આ રેડમાં દેહવ્યાપાર ચલાવતી કવિતા ડે સહિત સ્પા પર કામ કરતો કરણ અશોક ઠાકોર (રહે., A/૨૨, શંભુવર્ષા સોસાયટી, લિંક રોડ, ભરૂચ), અન્ય ગ્રાહક પ્રગ્નેશ ઈશ્વર પટેલ (ઉં.વ.૪૪) (રહે., તેલોદ, તા.આમોદ), કૃણાલ ચંદુ પટેલ (ઉં.વ.૩૦) (રહે., B/૧૫, જ્યોતિનગર, ઝાડેશ્વર રોડ, ભરૂચ) અને હિતલ દેવેન્દ્ર પટેલ (ઉં.વ.૪૦) (રહે., અવિધા, તા.ઝઘડિયા)ની ધરપકડ કરી હતી. તેઓ પાસેથી ૬ મોબાઈલ કિ.રૂ.૧,૦૫૦૦૦, રોકડ રકમ રૂ.૮૦૦૦, એક કોન્ડમ મળી રૂ.૧,૧૩,૦૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. ભરૂચ એ ડિવિઝનમાં તમામ આરોપી સામે ઇમોરલ ટ્રાફિકિંગ એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ કાર્યવાહી કરી છે.

બીજી ફરિયાદમાં ભરૂચ C ડિવિઝનો ગુરુવારે મળેલી બાતમીના આધારે ઝાડેશ્વરના અક્ષરકુંજ પ્લાઝામાં લેમન સ્પામાં ડમી ગ્રાહક તૈયાર કરી મોકલ્યો હતો. આ સ્પાની આડમાં એક રૂમમાં એક ગ્રાહક સાથે છોકરી કઢંગી હાલતમાં જોવા મળી હતી. પોલીસે સ્પાના માલિક અલ્પેશ ઈશ્વર પટેલ (ઉં.વ.૪૦) (રહે., અક્ષરકુંજ રેસિડન્સી, તુલસીધામ, ભરૂચ) તેમજ ગ્રાહક કિશોર નાનુ કવા (રહે., મકાન નં-B/૫૫, કવિતાધામ સોસાયટી, ઝાડેશ્વર)ની ધરપકડ કરી રૂ.૩૫૦૦ તેમજ ૬ કોન્ડમ મળી આવતાં C-ડિવિઝન પોલીસમાં તેમની વિરુદ્ધમાં ઇમોરલ ટ્રાફિકિંગ એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ કાર્યવાહી કરી છે.

**DATE: 31/03/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-07**

# જીતાલી ફાટક પાસે રિક્ષામાં લઈ જવાતા વિદેશી દારૂના જથ્થા સાથે બે બુટલેગર ઝડપાયા

અંક્લેશ્વર: અંક્લેશ્વર જી.આઈ.ડી.સી. પોલીસે જીતાલી ફાટક પાસેથી રિક્ષામાં લઈ જવાતા વિદેશી દારૂના જથ્થા સાથે બે બુટલેગરને રૂ.૧.૩૨ લાખના મુદ્દામાલ સહિત ઝડપી પાડ્યા હતા. અંક્લેશ્વર જી.આઈ.ડી.સી. પોલીસમથકનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. દરમિયાન બાતમી મળી હતી કે, રાજપીપળા રોડ ઉપર આવેલા સારંગપુરની જીતાલી ફાટક પાસે રિક્ષા નં.(જી.જે.૧૬.ઝેડ.૩૮૮૧) માં વિદેશી દારૂનો જથ્થો લઈ જવામાં આવી રહ્યો છે. આ બાતમીના આધારે પોલીસે દરોડા પાડ્યા હતા. પોલીસને રિક્ષામાં રહેલા વિદેશી દારૂની ૧૬૬ નંગ બોટલ મળી આવી હતી. પોલીસે વિદેશી દારૂ અને રિક્ષા મળી કુલ રૂ.૧.૩૨ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો અને સારંગપુર ગામની વિહારધામ દિલીપ સોમા વસાવા અને કુખ્યાત બુટલેગર મનીષ ઉર્ફે મલો કાલીદાસ વસાવાને ઝડપી પાડ્યો હતો.